# જિનવર તારું શાસન આ જગમાં છે મહાન

જિનવર તારું શાસન આ જગમાં છે મહાન
એના આધારે મારે તરવો આ સંસાર
જિનવર તારું શાસન આ જગમાં છે મહાન
એના આધારે મારે તરવો આ સંસાર
મને એ જ તારશે, ભવ પાર ઉતારશે
મઝધારમાં નૈયાં, કાંઠે પહોંચાડશે
એવી મુજને શ્રધ્ધા છે, સાચે સાચી શ્રધ્ધા છે
દ્રઢ મુજને શ્રધ્ધા છે, પાકે પાયે શ્રધ્ધા છે

નશ્વર એ સંબંધો જ્યારે સાથ છોડશે
ત્યારે નિશ્ચય મારો હાથ પકડશે
સમજણ દેશે, શાંત્વન દેશે, શક્તિ પણ દેશે
ભૂલો જો પડીશ મુજને, માર્ગ એ દેખાડશે
ઢીલો જો પડીશ મારું, સત્વ એ વધારશે
જિનવર તારું શાસન આ જગમાં છે મહાન
એના આધારે મારે તરવો આ સંસાર

મુંઝવણ થાશે તો માર્ગદર્શન આપશે

અવઢવમાં સાચી મને સમજણ આપશે

મોક્ષમાર્ગનું એકાંતે આકર્ષણ આપશે

પુરુષાર્થ કરશે એને, આધાર આપશે

સમર્પિત થયેલાનું, ધ્યાન સદા રાખશે

જિનવર તારું શાસન આ જગમાં છે મહાન

એના આધારે મારે તરવો આ સંસાર

અજ્ઞાન અંધકારને એ દૂર કરશે

જ્ઞાનના અજવાળા જરૂર એ કરશે

સત્ય રહેશે, તત્વ રહેશે, મિથ્યાત્વ હરશે

અશુધ્ધ એવા આત્માને, શુધ્ધ એ બનાવશે

સાધના કરાવી અંતે, સિધ્ધ પણ બનાવશે

જિનવર તારું શાસન આ જગમાં છે મહાન

એના આધારે મારે તરવો આ સંસાર

શાસનને કાજે સહુ સુખદાયી છે

શાસનથી વિપરીત બધું દુ:ખદાયી છે

જિન શાસનની પ્રત્યેક આજ્ઞા શિરદાયી છે

આજ્ઞા જે પાળશે તે, શિવસુખ પામશે

શરણે જશે જે એના, ભવદુ:ખ ભાંગશે

જિનવર તારું શાસન આ જગમાં છે મહાન

એના આધારે મારે તરવો આ સંસાર

મને એ જ તારશે, ભવ પાર ઉતારશે

મઝધારમાં નૈયાં, કાંઠે પહોંચાડશે

એવી મુજને શ્રધ્ધા છે, સાચે સાચી શ્રધ્ધા છે

દ્રઢ મુજને શ્રધ્ધા છે, પાકે પાયે શ્રધ્ધા છે

2017-02-01 – https://www.youtube.com/watch?v=1oeGAI1EU4o